# પ્રસાર ભારતી

# નેશનલ સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

તારીખ : 27-12-2024 બપોરે : 1.20થી 1.30

વાર : શુક્રવાર

આકાશવાણી

સમાચાર બકુલા પરમાર વાંચે છે.

---

1) પૂર્વ પ્રધાનમંત્રી ડોક્ટર મનમોહનસિંહને શ્રધ્ધાંજલી અર્પતા પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ તેમને વિદ્વાન અર્થશાસ્ત્રી અને સુધારાને સમર્પિત નેતા તરીકે વર્ણવ્યા
2) પૂર્વ પ્રધાનમંત્રી ડોક્ટર મનમોહનસિંહના નિધન પર દેશના અને વિશ્વના અનેક નેતાઓએ શોક વ્યક્ત કર્યો
3) વિદેશ મંત્રી ડૉ એસ. જયશંકર અમેરિકાના પ્રવાસ દરમિયાન અમેરિકાના વિદેશ મંત્રી સાથે દ્વિપક્ષીય, પ્રાદેશિક અને વૈશ્વિક મુદ્દાઓ પર ચર્ચા કરશે
4) દિલ્હી અને આસપાસના વિસ્તારોમાં વરસાદ અને ઠંડા પવનને કારણે જીવન પર અસર
5) વડોદરામાં રમાઇ રહેલી ત્રીજી મહિલા એક દિવસીય મેચમાં વેસ્ટ ઇન્ડિઝે ભારતને 163 રનનું લક્ષ્યાંક આપ્યું.

---

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

## *PM MANMOHAN SHARDHANJALI*

પૂર્વ પ્રધાનમંત્રી ડૉ. મનમોહન સિંહને આજે સવારથી મોતીલાલ નેહરુ માર્ગ, લ્યુટિયન્સ દિલ્હીના બંગલા નંબર-3 ખાતે શ્રદ્ધાંજલિ આપવામાં આવી રહી છે. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી પણ મનમોહનસિંહને શ્રદ્ધાંજલિ આપવા પહોંચ્યા હતા. પુષ્પગુચ્છ અર્પણ કરતી વખતે તેમણે શોકની આ ઘડીમાં સ્વર્ગસ્થ નેતાના પરિવારજનોને સાંત્વના પાઠવી હતી. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આજે નવી દિલ્હીથી એક વીડિયો સંદેશમાં ભૂતપૂર્વ પ્રધાનમંત્રી ડૉ. મનમોહન સિંહના નિધન પર ઊંડું દુઃખ વ્યક્ત કર્યું હતું. તેમણે કહ્યું કે ડો. સિંહનું નિધન રાષ્ટ્ર માટે એક મોટી ખોટ છે. પ્રધાનમંત્રીએ જણાવ્યું કે જીવનના દરેક ક્ષેત્રમાં સફળતા હાંસલ કરવી એ કોઈ સામાન્ય સિદ્ધિ નથી

(બાઇટ- નરેન્દ્ર મોદી, પ્રધાનમંત્રી)

## *REV. PM-MANMOHAN CONDOLENCE*

ઉપરાષ્ટ્રપતિ જગદીપ ધનખડ  અને પ્રધાનમંત્રી  નરેન્દ્ર મોદીએ દિવંગત ભૂતપૂર્વ પ્રધાનમંત્રી  ડૉ. મનમોહન સિંહને આજે નવી  દિલ્હીમાં તેમના નિવાસસ્થાને અંતિમ શ્રદ્ધાંજલિ આપી હતી. કેન્દ્રીયમંત્રીઓ અમિત શાહ, જેપી નડ્ડા, રાજનાથ સિંહ,  જ્યોતિરાદિત્ય સિંધિયા અને ભૂતપૂર્વ કોંગ્રેસ અધ્યક્ષ સોનિયા ગાંધી સહિત અન્ય  નેતાઓએ પણ તેમના નિવાસસ્થાને  તેમને પુષ્પાંજલિ અર્પણ કરી હતી.

કોંગ્રેસના સૂત્રોના જણાવ્યા અનુસાર, ભૂતપૂર્વ ડૉ. સિંઘના પાર્થિવ દેહને આવતીકાલે અંતિમ દર્શન માટે રાષ્ટ્રીય રાજધાનીમાં કોંગ્રેસના મુખ્યાલયમાં  લાવવામાં આવશે.  તેમના અંતિમ સંસ્કાર આવતીકાલે કરવામાં આવે તેવી શક્યતા છે.

## *MAHA GOVERNOR-CONDOLENCE*

મહારાષ્ટ્રના રાજ્યપાલ સી પી રાધાકૃષ્ણને પૂર્વ પ્રધાનમંત્રી  ડૉ. મનમોહન સિંઘ ના નિધન પર શોક વ્યક્ત કર્યો છે. તેમણે શોક સંદેશમાં લખ્યું કે ડૉ. સિંઘ વૈશ્વિક સ્તરે જાણીતા અર્થશાસ્ત્રી, પ્રતિષ્ઠિત વિદ્વાન, રાજનેતા અને એક અનુકરણીય સંસદસભ્ય હતા. ભારતના નાણામંત્રી તરીકેના સૌથી પડકારજનક સમયગાળા દરમિયાન  તેમણે સફળતાપૂર્વક રાષ્ટ્રને આર્થિક કટોકટીમાંથી કાઢ્યું અને વૈશ્વિકીકરણ અને ઉદારીકરણનો પાયો નાખ્યો હતો.

મહારાષ્ટ્રના મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડણવીસ, નાયબ મુખ્યમંત્રી અજિત પવાર, પ્રદેશ કોંગ્રેસ અધ્યક્ષ નાના પટોલે, કેબિનેટ મંત્રી રામદાસ આઠવલેએ પણ શ્રી સિંઘના નિધન પર શોક વ્યક્ત કર્યો હતો.

તેલંગાણાના મુખ્યમંત્રી  રેવન્ત રેડ્ડીએ  ડૉ. સિંઘના  શોકગ્રસ્ત પરિવારના સભ્યો માટે ઊંડી સંવેદના વ્યક્ત કરી હતી.

નાગાલેન્ડના મુખ્યમંત્રી નેફ્યુિ રિયોએ પણ દુઃખ વ્યક્ત કરતાં શોક સંદેશમાં  જણાવ્યું હતું કે ડો. સિંઘનું શાંત નેતૃત્વ, શાણપણ અને નમ્રતા હંમેશા યાદ રાખવામાં આવશે.

## *MANMOHAN SINGH - GLOBAL TRIBUTE*

ભૂતપૂર્વ પ્રધાનમંત્રી  ડૉ. મનમોહન સિંહને વૈશ્વિક નેતાઓએ હૃદયપૂર્વક શ્રદ્ધાંજલિ પાઠવી છે.

અફઘાનિસ્તાનના ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ હામિદ કરઝાઈએ સોશિયલ મીડિયા પોસ્ટમાં ડૉ. સિંહને અફઘાનિસ્તાનના લોકોના અડગ સાથી અને મિત્ર ગણાવ્યા હતા.  માલદીવના ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ મોહમ્મદ નશીદે સોશિયલ મીડિયા X પર પોતાનું દુ:ખ વ્યક્ત કરતાં તેમને "માર્ગદર્શક, પિતાની હાજરી" તરીકે વર્ણવ્યા હતા.

ભારતમાં રશિયાના રાજદૂત ડેનિસ અલીપોવે ભારત-રશિયન સંબંધોને મજબૂત કરવામાં ડૉ. સિંઘની મહત્વપૂર્ણ ભૂમિકા પર પ્રકાશ પાડતા  ડૉ. સિંઘના પ્રેમભર્યા વર્તન, અર્થશાસ્ત્રી તરીકેની તેમની કુશળતા અને ભારતની પ્રગતિ પ્રત્યેની તેમની અતૂટ પ્રતિબદ્ધતાની પણ પ્રશંસા કરી હતી.

## *REV. NATIONAL MOURNING*

ભૂતપૂર્વ પ્રધાનમંત્રી  ડૉ. મનમોહન સિંઘના નિધન પર સરકારે સાત દિવસનો રાષ્ટ્રીય  શોક જાહેર કર્યો છે. આ સમયગાળા દરમિયાન, દેશભરમાં રાષ્ટ્રધ્વજ અડધી કાઠીએ ફરકવશે અને કોઈ સરકારી કાર્યક્રમોનું આયોજન નહીં કરાય. ડૉ, સિંઘના  અંતિમ સંસ્કાર સંપૂર્ણ રાષ્ટ્રીય  સન્માન સાથે કરવામાં આવશે. અંતિમ સંસ્કારના દિવસે વિદેશમાં

તમામ ભારતીય મિશન અને દૂતાવાસોમાં પણ રાષ્ટ્રીય ધ્વજ અડધી કાઠીએ રહેશે.

## *JAISHANKAR – US*

વિદેશ મંત્રી ડો. એસ જયશંકરે ગઈકાલે રાત્રે વોશિંગ્ટન ડીસીમાં અમેરિકાના રાષ્ટ્રીય  સુરક્ષા સલાહકાર જેક સુલિવન સાથે મુલાકાત કરી હતી. બંને નેતાઓએ ભારત-યુએસ  વ્યૂહાત્મક ભાગીદારી અને તાજેતરના પ્રાદેશિક અને વૈશ્વિક વિકાસ અંગે ચર્ચા કરી હતી. ડૉ.  જયશંકર 24 ડિસેમ્બરથી અમેરિકાની છ દિવસની મુલાકાતે છે.

તેમની મુલાકાત દરમિયાન વિદેશ મંત્રી દ્વિપક્ષીય, પ્રાદેશિક અને વૈશ્વિક મુદ્દાઓ પર  ચર્ચા કરવા માટે અમેરિકના વિદેશ મંત્રી સાથે મુલાકાત કરશે. આ મુલાકાત દરમિયાન ડૉ.  જયશંકર અમેરિકામાં ભારતના કોન્સલ જનરલના સંમેલનની પણ અધ્યક્ષતા કરશે.

## *BORWELL RESCUE*

રાજસ્થાનના કોટપુતલીના કિરાતપુરાના બડિયાલી કી ધાણીમાં પાંચ દિવસથી ચાલી રહેલ રેસ્ક્યુ ઓપરેશનને હજુ સુધી સફળતા મળી નથી. ત્રણ વર્ષની ચેતના 23 ડિસેમ્બરે 700 ફૂટ ઊંડા બોરવેલમાં પડી હતી. તે 120 ફૂટની ઉંડાઈમાં ફસાઈ ગઈ છે.

અત્યાર સુધી બોરવેલની સમાંતર 170 ફૂટ ઊંડો ખાડો ખોદવામાં આવ્યો છે. તેમાં પાઈપ નાખીને ઉંદર ખાણ કરનારાઓને નીચે લાવવામાં આવશે. ઉંદર ખાણ કરનારાઓ આ ખાડામાંથી બોરવેલ સુધી 20 ફૂટ લાંબી ટનલ ખોદીને ચેતના સુધી પહોંચવાનો પ્રયાસ કરશે. જો કે ગુરુવાર રાતથી રેસ્ક્યુ અને વરસાદમાં વિલંબને કારણે કામગીરીને અસર થઈ રહી છે.

આ ઘટના પર ઊંડી ચિંતા વ્યક્ત કરતા મુખ્યમંત્રી ભજનલાલ શર્માએ રાજ્યભરમાં ખુલ્લા બોરવેલ બંધ કરવા સૂચના આપી છે.

## *IMD-WEATHER*

હવામાન વિભાગે આજે ઉત્તર પશ્ચિમ અને મધ્ય ભારતના ભાગોમાં ગાજવીજ સાથે વાવાઝોડાનું ઓરેન્જ અલર્ટ આપ્યું છે.  આકાશવાણી સાથે વાત કરતા હવામાન વિભાગના વરિષ્ઠ વૈજ્ઞાનિક ડૉ. સોમા સેન રોયે જણાવ્યું હતું કે હિમાચલ પ્રદેશ, ઉત્તરાખંડ, પંજાબ, હરિયાણા, ઉત્તર પ્રદેશના પશ્ચિમી ભાગો, પૂર્વ રાજસ્થાન અને પશ્ચિમ મધ્ય પ્રદેશમાં ભારે વરસાદ અને અતિવૃષ્ટિની સંભાવના છે.

જ્યારે રાષ્ટ્રીય રાજધાનીમાં દિવસભર મધ્યમ વરસાદ ચાલુ રહેશે. શહેરના કેટલાક ભાગોમાં કરા અને વાવાઝોડાની પણ શક્યતા છે.

## *DELHI COLDWAVE*

દરમિયાન દિલ્હી અને સરહદી રાજ્યોના શહેરોમાં રહેતા લોકોને આજે સવારે ઝરમર વરસાદનો સામનો કરવો પડ્યો હતો. આ દરમિયાન દિલ્હીના ઘણા વિસ્તારોમાં ભારે વરસાદ થયો છે. ઠંડો પવન ફૂંકાઈ રહ્યો છે. જેના કારણે કોલ્ડવેવની અસર વધુ વધી છે.

## *SHARE MARKET*

આજે સપ્તાહના છેલ્લા ટ્રેડિંગ દિવસે સ્થાનિક શેરબજારમાં શરૂઆતી ટ્રેડિંગ દરમિયાન તેજી જોવા મળી રહી છે. આજના કારોબારની શરૂઆત પણ મજબૂત નોંધ પર થઈ હતી. ટ્રેડિંગની શરૂઆતની 20 મિનિટમાં નજીવી વધઘટનો સામનો કર્યા બાદ શેરબજારમાં ખરીદીના ટેકાથી તેજી જોવા મળી હતી. શરૂઆતના એક કલાકના ટ્રેડિંગ પછી સેન્સેક્સ મજબૂતાઈ સાથે ટ્રેડ થઈ રહ્યો હતો.

શેરબજારના મોટા શેરોમાં, બજાજ ઓટો, ટાટા મોટર્સ, ડૉ. રેડ્ડીઝ લેબોરેટરીઝ, ઇન્ડસઇન્ડ બેંક અને ટ્રેન્ટ લિમિટેડના શેર વધારા સાથે કારોબાર કરી રહ્યાં છે. જોક અદાણી પોર્ટ્સ, એચસીએલ ટેક્નોલોજી, ભારત ઈલેક્ટ્રોનિક્સ, ટીસીએસ અને કોલ ઈન્ડિયાના શેરોના ભાવમાં ઘટાડો જોવા મળ્યો હતો.

## *DAY. WOMEN'S CRICKET*

વડોદરામાં રમાઇ રહેલી ભારત-વેસ્ટ ઇન્ડિઝ વચ્ચેની ત્રીજી એક દિવસીય મહિલા ક્રિકેટ મેચમાં વેસ્ટ ઇન્ડિઝે ભારતને જીતવા માટે 163 રનનું લક્ષ્યાંક અપાયુ છે. છેલ્લા અહેવાલ પ્રમાણે, ભારતે બે વિકેટે 42 રન કર્યા છે. સ્મૃતિ મંધાના અને પ્રતિકા રાવલ રમી રહ્યાં છે.

અગાઉ વેસ્ટ ઇન્ડિઝે ટોસ જીતીને પહેલા બેટિંગ કરતાં 38 પોઇન્ટ એક ઓવરમાં 162 રન કર્યા હતા.. ભારત તરફથી રેણુકા સિંઘે ચાર અને દિપ્તી શર્માએ છ વિકેટ ઝડપી હતી. પ્રવાસી ટીમ તરફથી હેનરીએ સૌથી વધઉ 61 અને કેમ્પબેલે 46 રન ફટકાર્યા હતા.

## ***AUS TEST MATCH***

ભારત અને ઓસ્ટ્રેલિયા વચ્ચે મેલબોર્નમાં રમાઇ રહેલી ચોથી ટેસ્ટ મેચના બીજા દિવસની રમત પૂરી થઇ ત્યારે ભારતે પાંચ વિકેટે 164 રન કર્યા હતી.. ઋષભ પંત અને રવિન્દ્ર જાડેજા ક્રિઝ પર છે.. અગાઉ ભારત તરફથી નબળી શરૂઆત રહી હતી કેપ્ટન રોહિત શર્મા ત્રણ રન પર આઉટ થયો હતો જ્યારે કે એલ રાહુલ 24 , ઓપનર યશશ્વી જયસ્વાલ 82 અને વિરાટ કોહલી 36 રન તેમજ આકાશદીપ શૂન્ય રને આઉટ થયો હતો.. યશશ્વી જયસ્વાલ અને કોહલી વચ્ચે સદીની ભાગીદારી થઇ હતી.. હજુપણ ભારત ઓસ્ટ્રેલિયાથી 310 રન પાછળ છે.

આજના બીજા દિવસની શરૂઆતમાં ઓસ્ટ્રેલિયાની ટીમ 474 રન બનાવીને ઓલ આઉટ થઇ ગઇ હતી.. બૂમરાહે ચાર વિકેટ ઝડપી હતી..